# જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનામાં અસંતોષ

## અસંતોષની જ્વાળાઓને તાત્કાલિક બુઝાવવામાં નેતાગીરી સફળ જરૂર થઈ છે પરંતુ તેમાંથી નીકળતા ધુમાડા ઘણા બધા સંકેતો આપી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનની નિયુક્તીમાં ઉઠેલી અસંતોષની જ્વાળાઓને તાત્કાલિક બુઝાવવામાં નેતાગીરી સફળ જરૂર થઈ છે પરંતુ તેમાંથી નીકળતા ધુમાડા ઘણા બધા સંકેતો આપી રહ્યા છે.



આજે બાંધકામ સમિતિમાં પણ સમિતિના ચેરમેનની વરણી વેળાએ દહેગામના સભ્ય જગતસિંહ ઝાલાએ બેઠકમાં છેલ્લી ઘડીએ પ્રવેશ કરી દહેગામને ન્યાય આપો, સમિતિની બેઠક મુલ્તવી રાખો તેવી માંગણી કરતાં ઘડીભર બેઠકમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

જોકે આ પછી કોંગ્રેસના આગેવાનો તેમને બહાર લઈ જવામાં સફળ જરૂર રહ્યા હતા પરંતુ પકડાયેલી અસંતોષની આગ ઠરવાનું નામ લેતી નહોતી. પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, નિરીક્ષક નિરંજન પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કારોબારી સમિતિના વિદાય લેતા ચેરમેન અરવિંદસિંહ સોલંકી, છનાભાઈ ચૌધરીએ બંધ બારણે બેઠક આરંભી સભ્યોના રોષને ઠારવાનો પ્રયાસ કર્યો હતો.

એક કલાક જેટલા સમયની લાંબી સમજાવટ બાદ બાંધકામ સમિતિનું ચેરમેન પદ એક વર્ષ માટે ભાવિનસિંહને અને દોઢ વર્ષ માટે જગતસિંહને આપવાની ફોર્મ્યુલા તૈયાર થઈ હતી. જગતસિંહ ઝાલાને હાલ ખેત ઉત્પાદન સહકાર સિંચાઈના ચેરમેન બનાવવામાં આવ્યા છે તે પણ એક વર્ષ પછી રાજીનામુ આપશે અને દોઢ વર્ષ ભાવિનસિંહ આ સમિતિનું ચેરમેન પદ સંભાળશે.

જો કે કોંગ્રેસની નેતાગીરી આ સમાધાનની વાતને લઈ હાલ મગનું નામ મરી પાડતી નથી પરંતુ ફોર્મ્યુલા આ નક્કી થઈ હોવાનો આડકતરો એકરાર કરે છે.

આજે આ સમિતિઓની રચનામાં મહિલા બાળ વિકાસ સમિતિમાંથી અગાઉ રાજીનામુ આપનાર આશાબા રાઠોડને ચેરમેન પદ આપવામાં આવ્યુ છે. જોકે આ સમિતિની બેઠકમાં કોરમ જ થયુ ન હતુ છતાં કોંગ્રેસે તેની સત્તાવાર યાદીમાં આ નામની જાહેરાત કરી છે.

અસંતોષની ઉઠેલી આગ લાગી હોવાનું બહાર આવતાં જ કાર્યકરો પંચાયત સંકુલ દોડી આવ્યા હતા. જો કે કોંગ્રેસની નેતાગીરી એવો દાવો કરી રહી છે કે બધુ સુખરૂપ અને સર્વસંમતિથી કામ પૂર્ણ થયુ છે પરંતુ નારાજ સભ્યોનો મિજાજ આજે બીજા જ સંકેત આપતો હતો.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાથી નારાજ થયેલા સભ્યો અને અગાઉ જે સભ્યોએ રાજીનામા આપ્યા છે તે છ સભ્યો આગામી દિવસોમાં સંયુક્ત રીતે કઈ વ્યુહરચના અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

સમિતિઓની રચનામાં કોંગ્રેસના સભ્યો જેમના બોર્ડ લાગેલા હતા તેમને ફરીથી પદ નહિ અપાય તેવી વાતો પછી આજે ચેરમેનોની નિયુક્તીમાં એ નીતિનું પાલન કેમ ન થયુ કે કોને ન કરવા દીધુ તેનો રોષ સભ્યોના મુખ પર સ્પષ્ટ રીતે વાંચી શકાતો હતો.

## કારોબારી સમિતિના ચેરમેન તરીકે અમૃતાબેન ગણપતસિંહ ઠાકોર વરાયાં

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સાત સમિતિના



ચેરમેનોની નિયુક્તી કરવામાં આવી છે. જેમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ અમૃતાબેન ગણપતસિંહ ઠાકોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આજે આમ તો બાંધકામ સમિતિની થોડીક ઉગ્રતાને બાદ કરતાં લગભગ તમામ સમિતિઓમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આજે આ સમિતિઓના ચેરમેનની નિયુક્તીમાં કોંગ્રેસના બે નાદુરસ્ત સભ્યો શંકરભાઈ ચૌધરી અને શ્રીમતિ ગીતાબેન પટેલની હાજરી નોંધનીય રહી હતી. શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષપદે બાંધકામ સમિતિની બેઠક મળી હતી અને તેમાં ભાવિનસિંહ ઠાકોરની વરણી ચેરમેન તરીકે કરવામાં આવી હતી.

મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક કોરમના અભાવે થઈ ન હતી. આ સમિતિમાંથી અગાઉ રાજીનામુ આપનાર આશાબા રાઠોડને ચેરમેન તરીકે પસંદગી કરાયાની કોંગ્રેસે જાહેરાત જરૂર કરી છે.

શિક્ષણ સમિતિના ચેરમેનપદે કીર્તિબેન પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેનપદે નરેશકુમાર ઠાકોર, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે એલ.એન. પરમાર, ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેન પદે જગતસિંહ ઝાલાની વરણી કરવામાં આવી હતી.

અપીલ સમિતિના ચેરમેનપદે અરવિંદસિંહ સોલંકીને ચેરમેન બનાવવાની વાત છેલ્લી ઘડીએ પડતી મુકવામાં આવી હોવાનું કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ સમિતિના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ પંચાયત પ્રમુખ જ તે હોદ્દો સંભાળશે.

આજે રચાયેલ સમિતિઓમાં ચેરમેનોની નિયુક્તીમાં જુના ચેરમેનોની પુનઃ પસંદગી કરવામાં આવી હોવાથી તેમજ દહેગામને કરાયેલા અન્યાયની વાતોએ વાતાવરણને ગરમ રાખ્યુ હતુ.

વાતાવરણમાં ગરમાવો એટલો હતો કે બાંધકામ સમિતિનું કોકડુ ઉકેલવા આગેવાનોનો રૂમ બંધ કરી દેવાયો હતો તેમજ ગાળાગાળીની પણ આપલે થઈ હોવાનું બહાર આવ્યુ હતુ.

આજે રચાયેલ સાત સમિતિમાંથી ૩ સમિતિઓના ચેરમેન તરીકે મહિલા સભ્યોની પસંદગી કરવામાં આવી છે. પંચાયતમાં મહિલા પ્રમુખ ઉપરાંત કારોબારી તેમજ શિક્ષણ સમિતિમાં મહિલા ચેરમેન એક સાથે થયા હોય તેવી ઘટના પણ નોંધનીય છે.

સમિતિઓની રચના પછી ઉઠેલી અસંતોષની આગને સંપૂર્ણ બુઝાવી દેવા માટે કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરી છે.



કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવલીંગને રૂદ્રાક્ષના શણગાર કરવામાં આવ્યા હતા. ભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

## સિવિલ સુપ્રિટેન્ડન્ટનો ચાર્જ ડો. નિયતી લાખાણીના શિરે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર હોસ્પિટલનો સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકેનો ચાર્જ તંત્ર દ્વારા સર્જીકલ વિભાગના એચઓડી. ડો. નિયતી બેન લાખાણીને આપવામાં આવ્યો છે. આ જવાબદારી છેલ્લા ત્રણ વર્ષથી ગાયનેક એચઓડી ડો. બિપિન નાયક સંભાળી રહ્યા હતા. ત્યારે હાલના તબક્કે પાટનગરની મેડીકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા અને સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકે ડો. નિયતી બેન બંન્ને મહિલાઓના શિરે સિવિલ અને કોલેજની જવાબદારી તંત્રએ સોંપી છે. ત્યારે આગામી દિવસોમાં સિવિલ તંત્રમાં ફેરફાર થાય છે કે કેમ તે જોવું રહ્યું..

ગુજરાત સરકાર મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપે છે. રાજયની મોટાભાગના ઉચ્ચ હોદ્દાઓ પર મહિલાઓ ફરજ બજાવી રહી છે. ત્યારે તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ અને મેડીકલ કોલેજમાં પણ મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ સુપ્રિટેન્ડન્ટની પોસ્ટ છેલ્લા ઘણા સમયથી ચાર્જમાં ચાલી રહી છે, કાયમી નિમણુંક આપવામાં આવી નથી. ત્યારે એપ્રીલ-૨૦૧૫ થી ગાયનેક એચઓડી ડો. બિપિન નાયકને સુપ્રિટેન્ડન્ટ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

## શહેરમાં અલપ-ઝલપ વરસતા મેઘરાજા

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસે છે. આકાશમાં ગોરંભાયેલા વાદળો મનમુકીને વરસતા નથી. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે માત્ર આચમની ભરીને વરસાદ વરસે છે. આજે પણ ૪ મી મી વરસાદ થયો હતો. વરસાદ છાંટણા વરસાવી માત્ર હાજરી પુરાવીને અદ્રશ્ય થઈ જતા વરસાદની આશ પર પાણી ફરી વળે છે. શહેરમાં ચોમાસાની ઋતુના પ્રારંભથી મેઘરાજાનો વિચિત્ર મિજાજ જોવા મળી રહ્યો છે. ગાજવીજ અને વિજ ચમકારાના અંતે પણ આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વરસતા નથી. છેલ્લા એક સપ્તાહથી અલપઝલપ હાજરી પુરાવી જતા મેઘરાજા આજે ધોધમાર વરસશે તેવી પ્રબળ આશ વચ્ચે હાથતાળી આપી જતા વરસાદી માહોલ વચ્ચે નગરજનો મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે બેચેની અનુભવી રહ્યા છે. વાદળિયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીની આસપાસ અને લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડિગ્રી ની નજીક રહેતા લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ વિશેષ તફાવત જોવા મળતો નથી. મધ્ય ગુજરાતમાં વરસાદની આશ સાથે ખેડુતો પણ મેઘરાજાને સાદ કરી રહયા છે. હજુ સુધી સિઝનનો ૫૦ ટકા વરસાદ પણ થયો ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૨૯૫ મી મી વરસાદ અલબત્ત ૧૨ ઈંચ જેટલુ પાણી ટપકયુ છે. જયારે સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં વરસાદ ઘણો ઓછો હોવાની બાબત ખેડુતો સહીત આમ નાગરિકો માટે ચિંતાનો વિષય બની છે. હળવા વરસાદના લીધે નગરમાં હરિયાળીની રોનક નિખરી છે. પ્રકૃતિ પણ તાજગીસભર જોવા મળે છે. હરિયાળી વનરાજીની આસપાસ ગ્રીનરી છવાઈ જતા નગરમાં આંખને ઠંડક પહોંચાડે તેવો નઝારો આંખ સામે જોવા મળી રહયો છે.

## ન્યુ ગાંધીનગરમાં બે દિવસમાં ૨૫૦થી વધુ સ્થાનો પર મચ્છરના બ્રિડીંગ મળ્યા

### બે સાઈટ સંચાલકોને તંત્રએ નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૩૧

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આજે બીજા દિવસે પણ જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો ત્રાટકી હતી. આજે બીજે દિવસે બે કન્સ્ટ્રક્શન સાઈટો પર વધારે પ્રમાણમાં મચ્છરોના બ્રીડીંગ મળતાં સાઈટ સંચાલકોને તંત્રએ નોટીસ પણ ફટકારી છે. તંત્રની ટીમોએ આજે ૨૫૩૫ જેટલા મકાનો અને ૧૨ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ પર તપાસ હાથ ધરી હતી. જે પૈકી ૧૧૦ ઘરોમાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા અને બે સાઈટો પર મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. સાર્થક સર્જક અને વૃંદાવન ટ્રેડ સેન્ટર નામની કન્સ્ટ્રક્શન સાઈટ પર ખુબ જ મોટી સંખ્યામાં મળેલા બ્રિડીંગને લઈ તંત્રએ આકરી નોટીસ પાઠવી છે.

તંત્રની ટીમોએ શ્રીફળ હાઈટ્સમાં તો મચ્છરોના બ્રિડીંગ જોઈ ચોંકી ઉઠી હતી. આ વિસ્તારમાંથી વરસાદી પાણીનો ભરાવો તેમજ તમામ કુંડાઓમાંથી પાણી ભરાયેલા મળતાં તંત્રએ તમામ પાણી દૂર કર્યુ તેમજ એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી સઘન રીતે હાથ ધરી હતી.

બે દિવસ દરમ્યાન તંત્રની ટીમો દ્વારા ૫૧૦૦થી વધુ આવાસ અને ૧૨ કન્સ્ટ્રક્શન સાઈટોની તપાસ કરી ૨૫૦થી વધુ સ્થાનોએથી મચ્છરના બ્રિડીંગ શોધી તેનો નાશ કર્યો હતો.

આ વિસ્તાર જે રીતે સંવેદનશીલ બન્યો છે તેને પગલે તંત્ર પણ આકરૂ બન્યુ છે. આજે બે સાઈટ સંચાલકોને અપાયેલી નોટીસ પછી સમગ્ર ન્યુ ગાંધીનગર વિસ્તારમાં જે સપાટો બોલાવ્યો છે તેને લોકોએ આવકાર આપ્યો છે.

## શ્રાવણ માસે સંસ્કૃત સ્ત્રોત ગાનનો કાર્યક્રમ



શ્રાવણ માસ નિમિત્તે ગાંધીનગર ટાઉનહૉલમાં સાંદિપની વિદ્યાનિકેતન, પોરબંદરના ઋષિકુમારો દ્વારા સંસ્કૃત સ્ત્રોત ગાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યોગાનુયોગ જાણીતા કથાકાર પૂ. રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)નો પણ શુક્રવારે જન્મદિવસ હોવાથી તેમને શુભકામનાઓ માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી.


શ્રદ્ધાંજલિ



સ્વ. ડો. અરૂણભાઈ બી. વ્યાસ

આપની અણધારી વિદાયથી અમે આઘાતની લાગણી અનુભવીએ છીએ... ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસિએશનમાં આપનું પૂર્વ પ્રમુખ તરીકેનું અમૂલ્ય યોગદાન ક્યારેય નહીં ભૂલાય. ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ સહ આપના પાવન આત્માને શત્ શત્ નમન...

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસિએશન

વિપુલ આર. પટેલ – પ્રમુખ
દિક્ષિત સકસેના – એસોસિએટ ઉપપ્રમુખ
રાકેશભાઈ ભટ્ટ – ઉપપ્રમુખ
ગુરુબક્ષસિંગ આનંદ – સેક્રેટરી
ચિરાગ ચેબા – જોઈન્ટ સેક્રેટરી
નિતિષ શેઠ – ખજાનચી
રામમિલન યાદવ – ટેકનિકલ એડવાઈઝર
પંકજ ઉપાધ્યાય – આસી. ટેકનીકલ એડવાઈઝર

-------● કારોબારી સભ્યો ●-------

સંજય મોદી, ભગવાનમિલન યાદવ, તુષાર રાઠોડ, રાજગોપાલ ઐય્યર, અશોક રાઠોડ, પ્રેમજીભાઈ રાઠોડ



## મતદારયાદીની સુધારણા-૨૦૧૯

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૯ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**
**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**
**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૧-૯-૨૦૧૮ થી તા. ૧૫-૧૦-૨૦૧૮ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ફોટા વગરની મતદારયાદી આપ વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપર પણ જોઈ શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૯ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૧૬-૯-૨૦૧૮ અને તા. ૩૦-૯-૨૦૧૮ અને તા. ૧૪-૧૦-૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ બુથ લેવલ ઓફિસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શખાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર કામકાજના સમયે સંપર્ક કરો**

- જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : ૧-૯-૨૦૧૮ થી ૧૫-૧૦-૨૦૧૮ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૪૨૧/૨૦૧૮-૧૯ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય



**બાળકોને પ્રોત્સાહિત કરીએ...**

તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...

દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...

Lush PLANTS

પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com

બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com